સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ૨૦મા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬-સુરત ૧૮મા બાગાયત મેળો અને ફલાવર શો, ૧૦મા શિલ્પગ્રામ મેળો તથા ફૂડ ફેસ્ટીવલનું તા.૨૨/૦૨/૨૦૨૬ થી ૦૧/૦3/૨૦૨૬ ( ૮ -દિવસ) સુધી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ,ઉધના મગદલ્લા રોડ,સુરત ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેનું ઉદઘાટન આજરોજ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ માન. મુખ્યમંત્રી, ગુજરાતના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ માન. મુખ્યમંત્રી, ગુજરાત ધ્વારા સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળોના સ્ટોલની મુલાકાત લીધી તથા માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન - Visionary's Vault,, Words That Build a Nationની પ્રદર્શની નિહાળી હતી. ત્યારબાદ માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ઉપસ્થિત મહાનુભાવો અને જાહેર જનતા સાથે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો "મન કી બાત" કાર્યક્રમ સાંભળ્યો હતો.

સદર રાષ્ટ્રીય પુસ્તક મેળામાં કુલ ડોમની સંખ્યા - ૧૧ છે જે પૈકી બુક ફેરમાં બુક માટેના કુલ ૫ ડોમ છે. જેમાં કુલ બુક સ્ટોલની સંખ્યા ૬3 છે. શિલ્પગ્રામ માટે ૧ ડોમ છે. જેમાં કુલ સ્ટોલની સંખ્યા ૪૪ છે. પ્લાન્ટેશન માટેના કુલ ૪ ડોમ છે. જેમાં કુલ સ્ટોલની સંખ્યા ૪૦ છે. તથા ફલાવર શો નું ૮૦૦ ચો.મી. વિસ્તારમાં આયોજનના મધ્યભાગમાં નિમાર્ણ કરેલ છે. વધુમાં ફુડ ઝોનનું પણ અલગથી ૧ ડોમ નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં કુલ સ્ટોલની સંખ્યા 3૬ છે.

સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાના ડોમમાં આ સાથે સામેલ પત્રક મુજબ વિવિધ વિષયો પર વ્યાખ્યાન તેમજ વિવિધ સ્પર્ધા તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામા આવેલ છે. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પુસ્તકો પર આધારિત થીમ પેવેલિયન - Visionary's Vault,, Words That Build a Nation આકર્ષણનું કેંદ્ર બની રહેશે તેમજ તેઓ દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો,સુશાસન અને તેમની વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. વધુમાં Immersive Elements જેવા કે AI Photobooth , NFCfied Smart Surface Media Detections , Gesture Based Flipbook જેવા આકર્ષણો આ પેવેલિયનમાં જોવા મળશે. આ પેવેલિયન માં NAMO Reading Corner , Letters to PM Section અને વિવિધ ૧૫૦ થી વધુ પુસ્તકોની પ્રદર્શની રાખવામાં આવેલ છે. આ પુસ્તક મેળા દરમ્યાન વિવિધ ભાષા, વિષયોનાં સાહિત્યમાં મોટીવેશનલ બુક માટે પ્રખ્યાત લેખકો (જેવા કે, રોબીન શર્મા, રોન્ડા બર્ન, મોર્ગન હોર્શલ, માર્ક મેન્શન, શીવ ખેરા, નેપોલીયન હીલ વગેરે.. લીટરેચર બુકમાં નીમીત ઓઝા, કાજલ ઓઝા, અમીષ

ત્રીપાઠી, વિનીત બાજપલ કેવીન, મીશલ, અક્ષત યુપ્તા, ચેતન ભગત, જય વસાવડા વગેરે) તેઓ દ્વારા લિખિત કલેકશન સાથે હાજર રહેશે.

બાગાયત મેળામાં નર્સરી વિભાગમાં કુલ ૪૦ સ્ટોલોનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત તેમજ મહારાષ્ટ્રની પ્રતિષ્ઠિત નર્સરીઓ ભાગ લીધો છે. જેમાં શહેરીજનોને વિવિધ પ્રકારના ફુલ-છોડ, બાગાયતી સાધનો અને વિવિધ આકારના કુંડાઓ મળી શકે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. ફલાવર શો-૨૦૨૬માં સરકારશ્રીની વિવિધ યોજનાઓ બાબતે શહેરીજનો માહિતગાર થાય તે હેતુથી વિવિધ પ્રકારના ફુલ-છોડથી સુશોભિત પી.એમ. આવાસ યોજના, પી.એમ. જન આરોગ્ય યોજના, પી.એમ. સૂર્યઘર યોજના, જલશકિત અભિયાન, મેટ્રોસીટી, ૦૨ સેલ્ફી પોઇન્ટ અને ૦૨ ગેટ(એન્ટ્રી-એકઝીટ) મળી કુલ ૦૮(આઠ) વૈવિધ્યસભર સ્ટ્રકચરોને રંગબેરંગી ફુલોથી શણગારી પ્રદર્શિત કરવામાં કરવામાં આવેલ છે. ફલાવર શો - ૨૦૨૬ માં સુશોભિત કૃતિઓના સ્ટ્રકચરોના નિર્દેશન વિસ્તારમાં પીટુનીયા, ડાયન્થસ, પેન્સી, સેલોસીયા, ઝીન્યા, વિગેરે જેવા સીઝનલ તેમજ ટેકોમા થાઇ, બોગનવેલીયા, સાલવીયા, ગાર્ડનીયા, વિગેરે રંગબેરંગી ફલાવરીંગ/ફોલીએજ પ્લાન્ટસ સહિત કુલ-૪૫ જાતિના વિવિધ કલરના રોપાઓથી સુશોભિત કરવામાં આવેલ છે.

આ શિલ્પગ્રામ મેળામાં વિવિધ હસ્તકલા અને હાથશાળના આર્ટીસ્ટો દ્વારા તેઓની વિશિષ્ટ કલા કારીગીરી થકી તૈયાર કરેલ વસ્તુઓનું વેચાણ કરવામા આવશે. આવી વિશિષ્ટ પ્રકારની કલાનો પ્રચાર-પ્રસાર થાય અને શહેરીજનો તેઓની કલાને જાણે અને વસ્તુઓની ખરીદી કરી આર્ટીસ્ટો ને આ કળાને જીવંત રાખવા પ્રોત્સાહિત કરે તો તેઓની કળાને આગવી ઓળખ મળશે. વિજ્ઞાન અને ટેકનોલોજીના સમયમાં હસ્તકલા અને હાથશાળની વિવિધ કળાઓ લુપ્ત ન થઇ જાય અને શહેરીજનોને આ કળા વિશે વધુ જાગૃત કરવાનો આ શિલ્પગ્રામ મેળાનો હેતુ છે. શિલ્પગ્રામમાં કચ્છી જવેલરી, એમ્બ્રોઇડરી, શંખ માંથી બનાવેલ વિવિધ વસ્તુઓ, શો-પીસ, તોરણ, બીડ વર્ક વિગેરે જેવી ઘણી કલા કારી ગરીથી બનેલ વસ્તુઓ વેચાણ કરવામાં આવશે.

સદર કાર્યક્રમ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય, ભારત શ્રી સી.આર.પાટીલ , માન. મેયર શ્રી દક્ષેશ માવાણી,માન.સંસદસભ્ય શ્રી મુકેશભાઇ દલાલ, માન.ધારાસભ્ય શ્રી કિશોર કાનાણી (કુમાર), માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન. ધારાસભ્યશ્રી અરવિંદ રાણા, માન. ધારાસભ્ય શ્રી સંદિપ દેસાઈ, માન. ધારાસભ્ય શ્રી મનુભાઇ પટેલ,માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રી એમ. નાગરાજન, આઇ.એ.એસ., માન. પોલિસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત આઇ.પી.એસ, માન. કલેકટર ડૉ. સૌરભ પારધી, આઇ.એ.એસ., માન.નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઇ વાણીયાવાલા, માન. પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઇ

પટેલ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ, જાહેર જનતા, મિડીયાના મિત્રો , અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જન સપંર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા સમાચાર યાદી

નં. ૫૯૩ , તા.૨૨/૦૨/૨૦૨૬








સુરત મહાનગરપાલિકા
શહેરી આરોગ્ય કેન્દ્ર
પી.એમ.જન
આરોગ્ય યોજના
ફુલ છોડ
અડવા નહી
બિગોનિયા
Begonia


THE MAKING
VISIONARY'S VAULT
WORDS THAT BUILD A NATION


MY CITY PRIDE





VISIONARY'S
VAULT
WORDS THAT BUILD A NATION




THE MAKING OF A LEADER


Surat
SMART CITY




VISIONARY'S VAULT
WORDS THAT BUILD A NATION


VISIONARY'S VAULT
WORDS THAT BUILD A NATION


VISIONARY'S
VAULT


સુરત મહાનગરપાલિકા
સ્વામી વિવેકાનંદ

સુરત મહાનગરપાલિકા

Surat SMART CITY | SWACHH SURVEKSHAN 2025-26

# સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬ - સુરત

વિદ્યા The World of Books | SHILP GRAM | સુમન

બાગાયત મેળો અને ફ્લાવર શો | શિલ્પગ્રામ મેળો | ફૂડ ફેસ્ટિવલ

૨૨ ફેબ્રુઆરી થી ૧ માર્ચ - ૨૦૨૬ | VNSGU ગ્રાઉન્ડ, સુરત

## વિવિધ સ્પર્ધાઓ

**ક્રિએટીવ કન્ટેન્ટ રાઈટિંગ કોમ્પીટીશન**
૨૨.૨.૨૦૨૬, રવિવાર
(કોલેજ / ખુલ્લો વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**સ્ટોરી ટેલીંગ કોમ્પીટીશન**
૨૬.૨.૨૦૨૬, ગુરુવાર
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

**સ્પેલિંગ કોમ્પીટીશન**
૨૭.૨.૨૦૨૬, શુક્રવાર
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

**સ્ટોરી રાઈટિંગ ફ્રોમ પિક્ચર કોમ્પીટીશન**
૨૭.૨.૨૦૨૬, શુક્રવાર
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**એક્સટેન્સન ઓફ ક્વોટ્સ કોમ્પીટીશન**
૨૮.૨.૨૦૨૬, શનિવાર
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**કાવ્ય લેખન સ્પર્ધા**
૧.૩.૨૦૨૬, રવિવાર
(કોલેજ / ખુલ્લો વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

રજીસ્ટ્રેશન કરવા તથા
વધુ માહિતી માટે સ્કેન કરો

---

સુરત મહાનગરપાલિકા

સ્વામી વિવેકાનંદ
રાષ્ટ્રીય પુસ્તક મેળો ૨૦૨૬ - સુરત

બાગાયત મેળો અને ફ્લાવર શો | શિલ્પગ્રામ મેળો | ફૂડ ફેસ્ટિવલ

Surat SMART CITY | SWACHH SURVEKSHAN 2025-26

૨૨ ફેબ્રુઆરી થી ૧ માર્ચ - ૨૦૨૬ | VNSGU ગ્રાઉન્ડ, સુરત

## સાહિત્યિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ

### ૨૨.૨.૨૦૨૬ - રવિવાર
**ક્રિએટીવ કન્ટેન્ટ રાઈટિંગ કોમ્પીટીશન**
(કોલેજ / ખુલ્લો વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**મુખ્ય વક્તા**
**શ્રી અક્ષત ગુપ્તાનું વ્યાખ્યાન**
(Mythology ya Satyalogy)
સાંજે ૭:૩૦ કલાકે

### ૨૩.૨.૨૦૨૬ - સોમવાર
**ડૉ. ચિન્મય મોદીનું વ્યાખ્યાન**
(ફાયનાન્સ મેનેજમેન્ટ ફોર સ્ટુડન્ટસ)
સવારે ૧૧:૩૦ થી ૧:૦૦ કલાક

**ડૉ. કિશોરસિંહ ચાવડાનું વ્યાખ્યાન**
(વિકસિત ભારત @ 2047)
બપોરે ૧:૦૦ થી ૩:૦૦ કલાક

**ડૉ. ભક્તિ પંચાલનું વ્યાખ્યાન**
(બાગાયત)
(સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક)

**સુરત શહેરની શાળા/કોલેજનો સાંસ્કૃતિક કાર્યક્રમ**
સાંજે ૭:૩૦ કલાકે

### ૨૪.૨.૨૦૨૬ - મંગળવાર
**શ્રી મીનુ પરાબીયાનું વ્યાખ્યાન**
(વનસ્પતિ અને તંદુરસ્તી)
સાંજે ૬:૦૦ થી ૭:૦૦ કલાક

**શ્રી એશા દાદાવાળા અને ટીમ**
@કવિતા
સાંજે ૭:૩૦ કલાકે

### ૨૫.૨.૨૦૨૬ - બુધવાર
**ડૉ. ભૌતિક શેઠનું વ્યાખ્યાન**
(રોલ ઓફ જનરેટીવ એ. આઈ. ફોર કોલેજ સ્ટુડન્ટ્સ)
બપોરે ૧:૦૦ થી ૨:૩૦ કલાક

**ડૉ. દક્ષેશ ઠાકરનું વ્યાખ્યાન**
(પુસ્તકો સાથે મૈત્રી)
સાંજે ૬:૦૦ થી ૭:૦૦ કલાક

**ડૉ. રઈશ મણિયાર અને ટીમ**
(કવિ સંમેલન - શબ્દનાં શામિયાણામાં)
સાંજે ૭:૩૦ થી ૧૦:૦૦ કલાક

### ૨૬.૨.૨૦૨૬ - ગુરુવાર
**સ્ટોરી ટેલીંગ કોમ્પીટીશન**
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

**સાયન્સ ક્વિઝ કોમ્પીટીશન**
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**સુરત શહેરની વિવિધ કલા સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ**
સાંજે ૭:૩૦ કલાકે

### ૨૭.૨.૨૦૨૬ - શુક્રવાર
**સ્પેલિંગ કોમ્પીટીશન**
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

**સ્ટોરી રાઈટિંગ ફ્રોમ પિક્ચર કોમ્પીટીશન**
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**સુરત શહેરની વિવિધ કલા સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ**
સાંજે ૭:૩૦ કલાકે

### ૨૮.૨.૨૦૨૬ - શનિવાર
**એક્સટેન્સન ઓફ ક્વોટ્સ કોમ્પીટીશન**
(શાળા / કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**સુરત શહેરની વિવિધ કલા સંસ્થાનો સાંસ્કૃતિક કાર્યક્રમ**
સાંજે ૭:૩૦ કલાકે

### ૧.૩.૨૦૨૬ - રવિવાર
**કાવ્ય લેખન સ્પર્ધા**
(કોલેજ / ખુલ્લો વિભાગ)
બપોરે ૧૨:૦૦ થી ૩:૦૦ કલાક

**ગ્રુપ ડિસ્કશન સ્પર્ધા**
(શાળા/ કોલેજ વિભાગ)
બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક

**પપેટ શો**
સાંજે ૭:૩૦ કલાકે


Surat
સુરત મહાનગરપાલિકા આયોજિત